# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/42 Dt. 27/07/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ધ ફ્યુચર ફેક્ટરી: AI, ઇન્ડસ્ટ્રિયલ 3D પ્રિન્ટિંગ અને સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ' પર વિશેષ સેશન યોજાયું

## ફ્યુચર ફેક્ટરી માત્ર ઓટોમેશન નથી, પણ ઇન્ટેલિજન્સ, કનેક્ટિવિટી, સાયબર સિક્યુરિટી અને સ્કિલ આધારિત ટેકનોલોજીનો સમન્વય છે: તજજ્ઞો

### સેશનમાં ડાર્ક ફેક્ટરી, ડિજિટલ ટ્વિન, પ્રિડિક્ટિવ મેન્ટેનન્સ અને AR/VR દ્વારા લાઇવ ડેમોન્સ્ટ્રેશન રજૂ કરાયું

### રિવર્સ એન્જિનિયરિંગ અને 3D પ્રિન્ટિંગ દ્વારા મશીનરી બ્રેકડાઉન સમયે સ્પેરપાર્ટ્સ બનાવી ઉત્પાદન અટકતું અટકાવી શકાશે: અપૂર્વ ઇન્દ્રોદિયા

### AIના લાઇવ ડેમો દ્વારા ઇન્ટેલિજન્ટ ડોક્યુમેન્ટ પ્રોસેસિંગ અને ક્લાઉડ સાયબર સિક્યુરિટીનું માર્ગદર્શન આપતા ભૌમિક ત્રિવેદી

સુરત, 27 જુલાઈ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા શનિવાર, તા. 25 જુલાઈ 2026ના રોજ સાંજે 05:00 કલાકે, સરસાણા સ્થિત મહેતા હોલ ખાતે 'ધ ફ્યુચર ફેક્ટરી: AI, ઇન્ડસ્ટ્રિયલ 3D પ્રિન્ટિંગ અને સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ' વિષય પર વિશેષ માર્ગદર્શન સેશન યોજાયું હતું. આ સેશનમાં મિકેનિકલ ડિઝાઇન એન્જિનિયર શ્રી અપૂર્વ ઇન્દ્રોદિયા તેમજ AWS ક્લાઉડ અને સાયબર સિક્યુરિટી એક્સપર્ટ શ્રી ભૌમિક ત્રિવેદીએ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગસાહસિકો અને એન્જિનિયરોને આધુનિક ટેકનોલોજીના અમલીકરણ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

**3D પ્રિન્ટિંગ અને એડિટિવ મેન્યુફેક્ચરિંગનું મહત્વ:** CAD/CMD સ્પેશિયાલિસ્ટ શ્રી અપૂર્વ ઇન્દ્રોદિયાએ એડિટિવ મેન્યુફેક્ચરિંગના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, "આ ટેકનોલોજી દ્વારા જટિલ કમ્પોનન્ટ્સ અત્યંત ઝડપથી બનાવી શકાય છે. મશીનરી બ્રેકડાઉનના સમયે 'રિવર્સ એન્જિનિયરિંગ' દ્વારા જરૂરી સ્પેરપાર્ટ્સ તાત્કાલિક બનાવીને ઉત્પાદનમાં આવતા અવરોધો દૂર કરી શકાય છે. ફ્યુચર ફેક્ટરી માત્ર ઓટોમેશન નથી, પરંતુ તે ઇન્ટેલિજન્સ, કનેક્ટિવિટી, સિક્યુરિટી, સસ્ટેનેબિલિટી અને સ્કિલ્ડ મેનપાવર સાથે કામ કરવાની આધુનિક સંસ્કૃતિ છે." તેમણે મહેસાણા સ્થિત ગણપત યુનિવર્સિટીમાં આવેલ નેશનલ એડિટિવ મેન્યુફેક્ચરિંગ સિસ્ટમ (NAMC-W)ની વિવિધ સેવાઓ વિશે પણ વિગતો આપી હતી.

**AI, ક્લાઉડ ટેકનોલોજી અને સાયબર સિક્યુરિટી:** સાયબર સિક્યુરિટી એક્સપર્ટ શ્રી ભૌમિક ત્રિવેદીએ સ્માર્ટ ફેક્ટરીઓમાં ડેટાની સુરક્ષા અને મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સમજાવ્યું કે ક્લાઉડ ટેકનોલોજી દ્વારા વિશ્વના કોઈપણ ખૂણેથી ફેક્ટરીના ડેટાને સેન્ટ્રલાઇઝ્ડ રીતે સંચાલિત કરી શકાય છે. વધુમાં તેમણે AIના લાઇવ ડેમો દ્વારા દર્શાવ્યું હતું કે કેવી રીતે 'ઇન્ટેલિજન્ટ ડોક્યુમેન્ટ પ્રોસેસિંગ'ની મદદથી હજારો ઇન્વોઇસ અને બિઝનેસ ડેટા સેકન્ડોમાં એનાલાઇઝ કરી શકાય છે.

**સેશનના મુખ્ય ટેકનિકલ હાઇલાઇટ્સ:**

- **ડાર્ક ફેક્ટરી:** ચીન જેવા દેશોમાં સંપૂર્ણ માનવરહિત ફેક્ટરીઓ (જ્યાં લાઇટ વગર રોબોટ્સ કામ કરે છે) કાર્યરત છે, જે ભવિષ્યમાં મેનપાવરની અછતનો કાયમી ઉકેલ બની શકે છે.
- **ડિજિટલ ટ્વિન:** વાસ્તવિક ઉત્પાદન શરૂ કરતા પહેલાં વર્ચ્યુઅલ સિમ્યુલેશન દ્વારા પ્રોડક્શનની ભૂલો શૂન્ય કરવાની આધુનિક ટેકનોલોજી.
- **પ્રિડિક્ટિવ મેન્ટેનન્સ:** મશીનરીમાં કોઈ ખામી કે બ્રેકડાઉન સર્જાય તે પહેલાં જ AI સિસ્ટમ દ્વારા તેની ચોક્કસ આગાહી કરવી.
- **AR/VR ટેકનોલોજી:** ઓગમેન્ટેડ અને વર્ચ્યુઅલ રિયાલિટી દ્વારા પ્રોડક્ટ ડેમોન્સ્ટ્રેશન અને વર્કર્સને આભાસી તાલીમ આપવી.

કાર્યક્રમના પ્રારંભે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ગ્રૂપ ચેરમેન શ્રી મયંક દલાલે સેશનની રૂપરેખા આપી હતી અને ઇન્ડસ્ટ્રી 4.0 કમિટીના ચેરમેન શ્રી કુંતેશ રાદડિયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી વક્તાઓનો પરિચય કરાવ્યો હતો. સેશનના અંતે વક્તાઓ દ્વારા ઉદ્યોગકારોના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા અને ચેમ્બર સભ્ય શ્રી પ્રદીપભાઈ પટેલે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, એવિએશન/એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ તેમજ ઉદ્યોગસાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.